# સુરત મહાનગરપાલિકાની ખડી સમિતિની તા.૨૨–૦૮–૨૦૨૩ ના રોજ મળેલ સભામાં નીચે મુજબનો ઠરાવ પસાર થયો હતોઃ–

:: :: ::

મ્યુ.કમિશનરશ્રીના તા.૧૯–૦૮–૨૦૨૩ ના પત્ર નં.સી.મી.સ./૯/૧૩ થી વિદિત થઈ, સુરત મહાનગરપાલિકાની (કોડ–૫૧)કાર્યપાલક ઈજનેર(સીવીલ)ની ખાલી અનુસુચિત જાતિની ૦૧ જગ્યા, બિનઅનામતની ૦૧ જગ્યા તથા આર્થિક રીતે નબળા વર્ગ(આ.ન.વ.) ની ૦૧ જગ્યા મળી કુલ–૦૩ જગ્યાઓ ઉપલબ્ધ ઉમેદવારોમાંથી સીધી ભરતીથી ભરવા પસંદગી/પ્રતિક્ષા યાદી તૈયાર કરવા વિવિધ દૈનિક વર્તમાનપત્રોમાં સંક્ષિપ્ત જાહેરાત આપી લાયકાત પરિપુર્ણ કરતા અને ઈચ્છા ધરાવતા ઉમેદવારો પાસેથી મંગાવવામાં આવેલ ઓનલાઈન અરજીના સંદર્ભમાં આવેલ કુલ–૧૦૨ ઉમેદવારોની ઓનલાઈન અરજીઓ અંગે મ્યુ.કમિશનરશ્રીએ તેમના ઉકત પત્રથી રજુ કરેલ સઘળી માહિતી ધ્યાને લઈ, પુખ્ત ચર્ચા વિચારણા કર્યા બાદ ઉકત કામે નીચે મુજબના નિર્ણયો લેવામાં આવે છે.

(૧) દરખાસ્તના પેરા–૫(૧) માં જણાવ્યા મુજબ ફાઈલમાં સામેલ વેલીડ સીનોપ્સીસ પત્રક–૧ ના અનુક્રમ નંબર ૧ થી ૩૮ ના ઉમેદવારો નિયત થયેલ જે તે શૈક્ષણિક લાયકાત અને તેવી લાયકાત મેળવ્યા બાદ જાહેરાતમાં જણાવ્યા મુજબના નિયત સમયગાળાનો અને તે પૈકી નિયત સંસ્થામાં નિયત હોદ્દા પરનો માંગ્યા મુજબના સમયગાળાનો અનુભવ ધરાવતા હોવાથી કુલ–૩૮ ઉમેદવારોની અરજી માન્ય ગણી તેઓને તા.૦૪–૦૯–૨૦૨૩ ના રોજ સવારના ૧૧–૦૦ કલાકે સુરત મહાનગરપાલિકાની મુખ્ય કચેરીના નવી એનેક્ષી બિલ્ડીંગના ત્રીજા માળે આવેલ 'સ્થાયી સમિતિ સભાખંડ'માં ખડી સમિતિ સમક્ષ ઈન્ટરવ્યુ માટે રૂબરૂ હાજર રહેવા જણાવવાનું ઠરાવવામાં આવે છે.

(૨) દરખાસ્તના પેરા–૫(૨) માં જણાવ્યા મુજબ ફાઈલમાં સામેલ ઈનવેલીડ સીનોપ્સીસ પત્રક–૨ ના અનુક્રમ નંબર ૧ થી ૬૪ ના ઉમેદવારો પૈકી અનુક્રમ નંબર ૧ થી ૪૮ ના કુલ–૪૮ ઉમેદવારો જાહેરાત મુજબની લાયકાત અને/અથવા અનુભવ ધરાવતા ન હોવાના તથા ખાતા મારફત સમયસર અરજી ન મોકલવાના અને અનુક્રમ નંબર ૪૯ થી ૬૪ ના કુલ–૧૬ ઉમેદવારો ડોકયુમેન્ટ વેરીફીકેશનમાં ગેરહાજર રહેલ હોવાથી કુલ–૬૪ ઉમેદવારોની અરજીઓ વિવિધ કારણોસર અમાન્ય ગણી દફતરે કરવાનું ઠરાવવામાં આવે છે.

ઠરાવ નં.૧૧/૨૦૨૩ સર્વાનુમતે મંજુર.
================================

સ.ર.મ્યુ.કમિશનરશ્રી પ્રતિ,

સહી/–
ઈ.ચા.મ્યુ.સેક્રેટરી,
સુરત મહાનગરપાલિકા
તા. –૦૮–૨૦૨૩.

*HDU....*

INFORMATION PURPOSE ONLY

"This content is generated from www.suratmunicipal.gov.in for information purpose."

**સુરત મહાનગરપાલિકાની ખડી સમિતિની તા.૨૨–૦૮–૨૦૨૩ ના રોજ મળેલ સભામાં નીચે મુજબનો ઠરાવ પસાર થયો હતોઃ–**

:: :: ::

મ્યુ.કમિશનરશ્રીના તા.૧૪–૦૮–૨૦૨૩ ના પત્ર નં.સી.મી.સ./૯/૧૧ થી વિદિત થઈ, સુરત મહાનગરપાલિકાની (કોડ–૨૭)એડીશનલ સીટી ઈજનેર(સીવીલ)ની અનુસુચિત જનજાતિની ખાલી ૦૧ જગ્યા અને ભવિષ્યમાં ખાલી પડનાર બિનઅનામતની ૦૧ જગ્યા મળી કુલ–૦૨ જગ્યાઓ ઉપલબ્ધ ઉમેદવારોમાંથી સીધી ભરતીથી ભરવા પસંદગી/પ્રતિક્ષા યાદી તૈયાર કરવા જાહેરાત આપી લાયકાત પરિપુર્ણ કરતા અને ઈચ્છા ધરાવતા ઉમેદવારો પાસેથી મંગાવવામાં આવેલ ઓનલાઈન અરજીના સંદર્ભમાં આવેલ કુલ–૧૬ ઉમેદવારોની ઓનલાઈન અરજીઓ પૈકી અનુસુચિત જનજાતિની ખાલી ૦૧ જગ્યા માટે કોઈ ઉમેદવાર ઉપલબ્ધ થયેલ નથી તે હકીકત જાણમાં લેવાનું તથા આ સમિતિના તા.૧૭–૦૮–૨૦૨૩ ના ઠરાવ નં.૯/૨૦૨૩ અનુસાર કુલ–૨ ઉમેદવારોને સમિતિ સમક્ષ ઈન્ટરવ્યુ માટે તા.૨૨–૦૮–૨૦૨૩ ના રોજ હાજર રહેવાનું જણાવતાં, આજરોજ સમિતિ સમક્ષ રૂબરૂ હાજર રહેલા કુલ–૦૨ ઉમેદવારોના સમિતિએ ઈન્ટરવ્યુ લઈ, પુખ્ત ચર્ચા વિચારણા કર્યા બાદ, સુરત મહાનગરપાલિકાની (કોડ–૨૭)એડીશનલ સીટી ઈજનેર(સીવીલ)ની ભવિષ્યમાં ખાલી પડનાર બિનઅનામતની ૦૧ જગ્યા માટે (૧) ગજેન્દ્રસિંહ દોલતસિંહ ચૌહાણ અને (૨) ભૈરવકુમાર ભરતકુમાર દેસાઈ સમિતિને લાયક જણાયેલ હોય, તેઓને પગારધોરણ રૂા.૧૨૦૦૦–૧૬૫૦૦/–, પે બેન્ડ : ૧૫૬૦૦–૩૯૧૦૦/–, ગ્રેડ પે : ૭૬૦૦/–, પે મેટ્રીકસ : ૭૮૮૦૦–૨૦૯૨૦૦/– તથા મળવાપાત્ર અન્ય ભથ્થાઓ સહિત જરૂર જણાયે પે પ્રોટેકટ કરી તેમની હાલની જગ્યાનું લીયન ચાલુ રાખી પ્રતિક્ષાયાદીમાં સમાવવાનું તથા સદર પ્રતિક્ષાયાદીની મુદત ભવિષ્યમાં એડીશનલ સીટી ઈજનેર(સીવીલ)ની જગ્યા ખાલી પડયા તારીખથી બે વર્ષ માટે રાખવાનું સામાન્ય સભાની મંજુરીની અપેક્ષાએ મંજુર કરવામાં આવે છે.

ઠરાવ નં.૧૨/૨૦૨૩ સર્વાનુમતે મંજુર.

==================================

પ્રો.રા.જનરલ બોર્ડ,

સહી/–<br>ઈ.ચા.મ્યુ.સેક્રેટરી,<br>સુરત મહાનગરપાલિકા<br>તા.     –૦૮–૨૦૨૩.

નકલ સ.ર.મ્યુ.કમિશનરશ્રી પ્રતિ.

*HDU....*

INFORMATION PURPOSE ONLY

"This content is generated from www.suratmunicipal.gov.in for information purpose."

## સુરત મહાનગરપાલિકાની ખડી સમિતિની તા.૨૨–૦૮–૨૦૨૩ ના રોજ મળેલ સભામાં નીચે મુજબનો ઠરાવ પસાર થયો હતોઃ–

:: :: ::

મ્યુ.કમિશનરશ્રીના તા.૧૪–૦૮–૨૦૨૩ ના પત્ર નં.સી.મી.સ./૯/૧૨ થી વિદિત થઈ, સુરત મહાનગરપાલિકાની (કોડ–૨૮)એડીશનલ સીટી ઈજનેર(ઈલે./મીકે.)ની ખાલી બિનઅનામત ૦૧ જગ્યા ઉપલબ્ધ ઉમેદવારોમાંથી સીધી ભરતીથી ભરવા પસંદગી/પ્રતિક્ષા યાદી તૈયાર કરવા જાહેરાત આપી લાયકાત પરિપુર્ણ કરતા અને ઈચ્છા ધરાવતા ઉમેદવારો પાસેથી મંગાવવામાં આવેલ ઓનલાઈન અરજીના સંદર્ભમાં આવેલ કુલ–૧૦૯ ઉમેદવારોની ઓનલાઈન અરજીઓ પૈકી આ સમિતિના તા.૧૭–૦૮–૨૦૨૩ ના ઠરાવ નં.૧૦/૨૦૨૩ અનુસાર કુલ–૧ ઉમેદવારને સમિતિ સમક્ષ ઈન્ટરવ્યુ માટે તા.૨૨–૦૮–૨૦૨૩ ના રોજ હાજર રહેવાનું જણાવતાં, આજરોજ સમિતિ સમક્ષ રૂબરૂ હાજર રહેલ કુલ–૧ ઉમેદવારનો સમિતિએ ઈન્ટરવ્યુ લઈ, પુખ્ત ચર્ચા વિચારણા કર્યા બાદ, સુરત મહાનગરપાલિકાની (કોડ–૨૮)એડીશનલ સીટી ઈજનેર(ઈલે./મીકે.)ની ખાલી બિનઅનામતની ૦૧ જગ્યા માટે આશિષ જીતેન્દ્રભાઈ નાયક સમિતિને લાયક જણાયેલ હોય, તેઓને પગારધોરણ રૂા.૧૨૦૦૦–૧૬૫૦૦/–, પે બેન્ડ : ૧૫૬૦૦–૩૯૧૦૦/–, ગ્રેડ પે : ૭૬૦૦/–, પે મેટ્રીકસ : ૭૮૮૦૦–૨૦૯૨૦૦/– તથા મળવાપાત્ર અન્ય ભથ્થાઓ સહિત જરૂર જણાયે પે પ્રોટેકટ કરી તેમની હાલની જગ્યાનું લીયન ચાલુ રાખીને એક વર્ષના અજમાયશી સમય માટે નિમણૂંક આપવાનું સામાન્ય સભાની મંજુરીની અપેક્ષાએ મંજુર કરવામાં આવે છે.

ઠરાવ નં.૧૩/૨૦૨૩ સર્વાનુમતે મંજુર.

================================

પ્રો.રા.જનરલ બોર્ડ,

સહી/–
ઈ.ચા.મ્યુ.સેક્રેટરી,
સુરત મહાનગરપાલિકા
તા. –૦૮–૨૦૨૩.

નકલ સ.ર.મ્યુ.કમિશનરશ્રી પ્રતિ.

*HDU....*

INFORMATION PURPOSE ONLY

"This content is generated from www.suratmunicipal.gov.in for information purpose."

**સુરત મહાનગરપાલિકાની ખડી સમિતિની તા.૨૨–૦૮–૨૦૨૩ ના રોજ મળેલ સભામાં નીચે મુજબનો ઠરાવ પસાર થયો હતોઃ–**

:: :: ::

સ્થાયી સમિતિ અધ્યક્ષશ્રી પરેશભાઈ રમેશચંદ્ર પટેલના તા.૧૮–૦૮–૨૦૨૩ ના પત્રથી વિદિત થઈ, તેઓએ તા.૧૭–૦૮–૨૦૨૩ ના રોજ મળેલ સભામાં ગેરહાજર રહેવાનું જણાવેલ કારણ મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

ઠરાવ નં.૧૪/૨૦૨૩ સર્વાનુમતે મંજુર.
=================================

પ્રો.રા.ખડી સમિતિ,

સહી/–
ઈ.ચા.મ્યુ.સેક્રેટરી,
સુરત મહાનગરપાલિકા
તા.    –૦૮–૨૦૨૩.

*HDU....*

INFORMATION PURPOSE ONLY

"This content is generated from www.suratmunicipal.gov.in for information purpose."